જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૮/૨૦૧૬ ગુરૂવાર







# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૪૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૨ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી ૨૦૭ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી ૬૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૪,૪૩,૫૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૪૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૦ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૫૪૯/૧૬

**કૃષ્ણનગરઃ** જગમોહનસિંગ ગોપીચંદ ચૌહાણ (રહે.ભગવતીનગર સોસાયટી અંબાલાલપાર્ક નિકોલ) એ તા.૨૪/૮/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૮/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી શિવાની (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી આર સંગાડા ચલાવે છે.

## દુષ્પ્રેરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૫૫૦/૧૬

**ગોમતીપુરઃ** ચંચીબહેન બાબુભાઈ પટણી (રહે.પાટણનગર લીલાનગર પાસે ખોડીયારનગર નિકોલ) એ તા.૨૪/૮/૧૬ નારોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી નયનાબહેન (ઉ.વ.૩૦) ને તેના પતિ મહેશભાઈ બાબુભાઈ પટણી (રહે.કુંભારની ચાલી ગોમતીપુર) શારીરીક અને માનસીક ત્રાસ આપતા હોઈ તા.૧૨/૮/૧૬ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે સાસરીમાં પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી દીવસળી ચાપી દઈ સળગી જઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ એમ રાઠવા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૫૫૧/૧૬</u>

**મણીનગરઃ** મહેન્દ્રભાઈ સોહનભાઈ મોદી (રહે.શુભ માંગલ્ય ફ્લેટ ભૈરવનાથ રોડ મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૮/૧૬ કલાક ૧/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાંથી ઘડીયાળ, મોબાઈલ ફોન નંગ-૨, રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૧,૦૦૦/- તેમજ જરૂરી કાગળોની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી એસ ખરાડી ચલાવે છે.

<u>લાશ મળી આવવા બાબતઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૫૫૨/૧૬</u>

**કારંજઃ** સમીરભાઈ નરેન્દ્રભાઈ પટેલ (રહે.શિવનગર એપાર્ટમેન્ટ નાનાબજાર વિદ્યાનગર આણંદ) તા.૨૩/૮/૧૬ બપોરના ૨/૩૦ થી ૨/૪૫ વાગ્યા દરમ્યાન કારંજ રીલીફ રોડ ખાતે આવેલ પ્રાઈમ હોટલ રૂમ નંબર ૨૧૨ માંથી કોઈ કારણસર ઝેરી દવા પી મરણ ગયેલ હાલતમાં મળી આવતા કારંજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઈ હીરાલાલ ચલાવે છે.

<u>લુંટના કેસમાં સામેલ ઈસમોના સ્કેચ બાબતઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૫૫૩/૧૬</u>

| જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન | <u>ફોટા</u> |
|---|---|
| તા.૧૧/૮/૧૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે વિંઝોલ સર્કલથી સાંઈનાથ એપાર્ટમેન્ટ રોપડાબ્રીજની બાજુમાંથી બે અજાણ્યા ઈસમો રૂપિયા ૩,૭૩,૫૦૦/- લુંટ કરી પલાયન થઈ ગયા હતા. જે ઈસમો પૈકી એક ઈસમનો સ્કેચ બાજુમાં દર્શાવ્યા મુજબ હતો. કોઈપણ વ્યક્તિને આવી વ્યક્તિ નજરે પડે તો તેનાથી સાવધાન રહેવા તથા નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવી. |  |

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)